# પાટણ અને બનાસકાંઠાની ડીંડરોલ-મુક્તેશ્વર પાઇપલાઇન યોજના

*15-4-656 શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા ડીંડરોલ-મુક્તેશ્વર પાઇપલાઇન યોજના કયા તબક્કે છે, અને | (૧) ભૌતિક કામગીરી પ્રગતિ હેઠળ (૬૯% કામ પૂર્ણ) |
| (૨) આ યોજના પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૧૩૭.૨૫ કરોડ. |

# અગ્રતાક્રમ - ૧

કેશાજી ચૌહાણ (હિંમતનગર)

**પ્રશ્ન**

**ડીંડરોલ-મુક્તેશ્વર પાઈપલાઈન યોજના દ્વારા ક્યાં જીલ્લાના ક્યાં તાલુકાના કેટલા ગામોના કેટલા તળાવોને લાભ મળશે? કેટલા હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.**

**જવાબ**

| પાઈપ લાઈન | જીલ્લો | તાલુકો | ગામની સંખ્યા | તળાવોની સંખ્યા |
|---|---|---|---|---|
| ડીંડરોલ-મુક્તેશ્વર પાઈપલાઈન | પાટણ | સિધ્ધપુર | ૫ | ૯ |
| | બનાસકાંઠા | વડગામ | ૨૪ | ૩૩ |
| | | કુલ --- | ૨૯ | ૪૨ |

➤ **અંદાજીત ૬૬૦૦ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળશે.**

# અગ્રતાક્રમ – ૧

અનિકેતભાઈ ઠાકર (પાલનપુર)

**પ્રશ્ન**

**ડીંડરોલ–મુકતેશ્વર યોજના સિવાયની સુજલામ સુફલામ યોજના થકી બનાસકાંઠા જિલ્લામાં કેટલી પાઈપલાઈન યોજનાઓ પ્રગતિ હેઠળ છે તથા આ યોજનાઓથી કયા તાલુકાના કેટલા ગામડાઓને સિંચાઈનો લાભ મળશે?**

**જવાબ**

**સદર યોજના સિવાયની બે યોજના બનાસકાંઠા જિલ્લામાં પ્રગતિ હેઠળ છે.**

**(૧) થરાદ – સીપુ પાઈપલાઈન**

**(૨) કસરા – દાંતીવાડા પાઈપલાઈન જેની વિગતો નીચે મુજબ છે.**

| પાઈપ લાઈન | જીલ્લો | તાલુકો | ગામની સંખ્યા | તળાવોની સંખ્યા | લાભિત વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|---|---|---|
| થરાદ – સીપુ | બનાસકાંઠા | થરાદ, લાખણી, ડીસા, દાંતીવાડા | ૩૯ | ૧૦૬ | ૬૦૦૦ હેક્ટર |
| કસરા –દાંતીવાડા | | ડીસા, કાંકરેજ, દાંતીવાડા અને પાલનપુર | ૭૩ | ૧૫૬ | ૨૨૯૦૦ હેક્ટર |

# અગ્રતાક્રમ – ૧

લવિંગજી ઠાકોર (પાટણ)

**પ્રશ્ન**

**ડીંડરોલ–મુક્તેશ્વર પાઈપલાઈન યોજનાની મુખ્ય પાઈપલાઈનની લંબાઈ તથા પથ રેખા તેમજ અંદાજિત રકમ કેટલી છે?**

**જવાબ**

- **ડીંડરોલ – મુક્તેશ્વર પાઈપલાઈન યોજનાની મુખ્ય પાઈપલાઈનની લંબાઈ ૩૨.૯૦ કિ.મી.,**
- **આ યોજનામાં પથ રેખાનો રૂટ ડીંડરોલ તળાવથી કોટડી – એદરાણા – વરસડા – નાવીસણા – રૂપાલ – પાંચડા – નિઝામપુરાથી મુક્તેશ્વર જળાશય સુધીનો છે.**
- **અંદાજિત રકમ રૂ.૨૧૩.૬૩ કરોડ છે.**

# <u>ડીંડરોલ-મુક્તેશ્વર પાઇપલાઇન પ્રોજેક્ટ</u>

## <u>મુખ્ય લાક્ષણિકતાઓ</u>

| | | |
|---|---|---|
| ૧ | પ્રોજેક્ટનું નામ | નર્મદા મુખ્ય નહેર આધારિત ડીંડરોલ-મુક્તેશ્વર પાઇપલાઇન યોજના |
| ૨ | સ્થાન | |
| | પાઇપલાઇન | ડિંડરોલ ગામના તળાવમાંથી પાઇપલાઇન ચાલુ થાય |
| | તાલુકો જેમાંથી પાઇપલાઇન પસાર થાય છે | સિદ્ધપુર અને વડગામ |
| | જીલ્લો | પાટણ |
| ૩ | પાઈપલાઈનની વિગતો | |
| | પાઈપલાઈનના પ્રકારો | માઈલ્ડ સ્ટીલ પાઈપલાઈન |
| | લંબાઈ | કુલ લંબાઈ – ૩૨.૯૦૪ કિ.મી. |
| | ડિસ્ચાર્જ | ૨.૮૩ ક્યુમેક/૧૦૦ ક્યુસેક |
| ૪ | પાઇપલાઇનનું આંતરિક અને બાહ્ય આવરણ | |
| | પાઇપની આંતરિક બાજુ | ૪૦૬ માઇક્રોન જાડાઇનું એપોક્સી |
| | પાઇપની બાહ્ય બાજુ | ૩.૭ મિમી. જાડાઇનું ૩ એલ.પી.ઈ. કોટિંગ |
| ૫ | પમ્પિંગ સ્ટેશન | |
| | પમ્પિંગ સ્ટેશનોની સંખ્યા | ૦૨ |
| | પંપના પ્રકારો | |
| | (૧) ડિંડરોલ પમ્પિંગ સ્ટેશન | એચ.એસ.સી.એફ. પંપ<br>૩ નંબર + ૧ નંબરઃ ૩૪૦૦<br>ઘનમીટર/કલાક |
| | (૨) વરસડા પમ્પિંગ સ્ટેશન | એચ.એસ.સી.એફ. પંપ<br>૩ નંબર + ૧ નંબરઃ ૩૪૦૦<br>ઘનમીટર/કલાક |
| ૬ | પ્રોજેક્ટનો અંદાજીત કિંમત | ૨૧૩.૬૩ કરોડ રૂપિયા |
| ૭ | કામગીરી શરૂ થયા તારીખ | ૦૭/૦૬/૨૦૨૩ |
| ૮ | કામગીરી પૂર્ણ કરવાની તારીખ | ૦૬/૧૨/૨૦૨૪ |
| ૯ | કામગીરીની સ્થિતિ | કામગીરી પ્રગતિ હેઠળ છે. |

અગ્રતા ક્રમ-૧

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૪૬૫૬

## માનનીય ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ (દિયોદર)

## પાટણ અને બનાસકાંઠાની ડીંડરોલ-મુક્તેશ્વર પાઈપલાઇન યોજના બાબત

## પુરક નોંધ

- નર્મદા મુખ્ય બંધના સ્થળેથી ચોમાસા દરમ્યાન દરીયામાં વહી જતાં વધારાના ૧ મિલિયન એકર ફુટ પાણીને ઉત્તર ગુજરાતના જળાશયોમાં આપવા માટે સુજલામ સુફલામ યોજના અંતર્ગત ૧૪ ઉદ્દવહ્ન પાઈપલાઈનોનું આયોજન કરવામાં આવેલ. જે પૈકીની આ ૧૨ ઉદ્દવહ્ન પાઈપલાઈનો કાર્યરત છે તથા ૨ પાઈપલાઈનની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર કાર્યરત પાઈપલાઈન યોજના થકી ઉત્તર ગુજરાતના ૪૯૪ ગામના ૮૨૦ તળાવો જોડાણ કરી નર્મદાના પાણીથી ૯૬૭૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે તથા પ્રગતિ હેઠળની પાઈપલાઈનથી ૧૭૪ ગામના ૪૦૧ તળાવોને જોડાણ કરી ૩૬૩૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.
- પાટણ અને બનાસકાંઠામાં સુજલામ-સુફલામ યોજના અંતર્ગત હાલની સ્થિતિએ પાટણ જીલ્લામાં પાટણ, સિધ્ધપુર, સરસ્વતી અને ચાણસ્મા તાલુકાના ૪૭ ગામના ૧૨૦ તળાવો તથા બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ,ડીસા અને દાંતીવાડા તાલુકાના ૨૪ ગામના ૪૫ તળાવો જોડાણ કરી ૨૫૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનું પાણી આપવામાં આવે છે.

- **પ્રગતિ હેઠળની ડીંડરોલ-મુક્તેશ્વર પાઈપલાઈન યોજના**

- નર્મદા મુખ્ય બંધના સ્થળેથી ચોમાસા દરમ્યાન દરીયામાં વહી જતાં વધારાના ૧ મિલિયન એકર ફુટ પાણીને ઉત્તર ગુજરાતના જળાશયોમાં આપવા માટે સુજલામ સુફલામ યોજના અંતર્ગત ૧૪ પાઈપલાઈનોનું આયોજન કરવામાં આવેલ.
- જે પૈકીની પાટણથી માતપુર (ડીંડરોલ) પાઈપલાઈનને લંબાવી મુક્તેશ્વર જળાશયમાં પાણી આપવા માટે રૂ.૨૧૩.૬૩ કરોડની ડીંડરોલ થી મુકતેશ્વર પાઈપલાઈન યોજના હાલમાં પ્રગતિ હેઠળ છે.
- ડીંડરોલ-મુક્તેશ્વર પાઈપલાઈન યોજનાની કામગીરી ઇજારદાર ઓમ યશ પ્રા.લી ને તા.૦૭/૦૬/૨૦૨૩ સોંપવામાં આવેલ છે.

- સદર યોજનાની ૬૯ % ભૌતિક કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. આ યોજનાની કામગીરીની સમયમર્યાદા તા.૦૬/૧૨/૨૦૨૪ નાં રોજ પૂર્ણ થાય છે.
- સદર યોજનાની પાઈપલાઈનની કુલ લંબાઈ ૩૨.૯૦ કિ.મી. છે. આ યોજનામાં પથરેખાનો રૂટ ડીંડરોલ તળાવ થી કોટડી-એદ્રાણા-વરસડા-નાવીસણા-રૂપાલ-પાંચડા-નિઝામપુરાથી મુક્તેશ્વર જળાશય સુધીનો છે. આ પાઈપલાઈનમાં ડીંડરોલ તથા વરસડા એમ બે પંમ્પીંગ સ્ટેશન બનાવવાનું આયોજન છે.
- આ પાઈપલાઈનથી પાટણ તથા બનાસકાંઠા જીલ્લાના સિધ્ધપુર તથા વડગામ તાલુકાના ૨૯ ગામના ૪૨ તળાવો ભરવાનું આયોજન છે.આ ઉપરાંત મુકતેશ્વર જળાશયને પણ આ પાઈપલાઈનથી જોડવામાં આવશે.
- આ પાઈપલાઈનની વહનક્ષમતા ૧૦૦ ક્યુસેકની રહેશે.
- આ યોજનાથી ૬૬૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો પ્રત્યક્ષ/ પરોક્ષ લાભ થશે.

## • પ્રગતિ હેઠળની કસરા-દાંતીવાડા પાઈપલાઈન યોજના

- ઉક્ત પાઇપલાઇનો પૈકી કસરા-દાંતીવાડા પાઇપલાઇન પ્રગતિ હેઠળની છે. જેમા અંદાજે રૂા.૧૫૬૬=૨૫ કરોડ થકી ૧૦૬ ગામના ૨૫૨ તળાવો તથા ૧ જળાશય જોડવાનું આયોજન છે.
- સદર પાઇપલાઇનની લંબાઇ ૭૭.૦૯૨ કી.મી છે.
- સદર પાઇપલાઇન યોજનાની કામગીરી પેકેજ-૧ NCC તથા પેકેજ -૨ ની કામગીરી જય સોમનાથને સોંપવામાં આવેલ છે.
- સદર પાઇપલાઇન યોજનાની પેકેજ-૧ની ૫૬ % ભૌતિક કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. તથા પેકેજ-૨ ની ૭૦% ભૌતિક કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. આ યોજનાની પેકેજ-૧ ની કામગીરી નવેમ્બર-૨૦૨૪ તથા પેકેજ-૨ ની કામગીરી માર્ચ-૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવાનું આયોજન છે.
- આ પાઈપલાઈનથી પાટણ તથા બનાસકાંઠા જીલ્લાના હારીજ, સરસ્વતી, ડીસા, કાંકરેજ, દાંતીવાડા તથા પાલનપુર તાલુકાના ૧૦૬ ગામના ૨૫૨ તળાવો તથા ૧ જળાશય ભરવાનું આયોજન છે.
- આ પાઈપલાઈનની વહનક્ષમતા ૩૦૦ ક્યુસેકની રહેશે.
- આ યોજનાથી ૩૩૭૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો પ્રત્યક્ષ/ પરોક્ષ લાભ થશે

- **પ્રગતિ હેઠળની થરાદ-સીપુ પાઈપલાઈન યોજના**
  - ➢ ઉક્ત પાઇપલાઇનો પૈકી થરાદ-સીપુ પાઈપલાઈન પ્રગતિ હેઠળની છે. જેમા અંદાજે રૂા.૫૫૧.૪૦ કરોડ થકી ૩૯ ગામના ૧૦૬ તળાવો જોડવાનું આયોજન છે.
  - ➢ સદર પાઇપલાઇનની લંબાઇ ૬૮.૭૨ કી.મી છે.
  - ➢ સદર પાઇપલાઇન યોજનાની કામગીરી **The Indian Hume Pipe Limited** ને સોંપવામાં આવેલ છે.
  - ➢ સદર પાઇપલાઇન યોજનાની ૮૯.૮૪ % ભૌતિક કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. આ યોજનાની કામગીરી એપ્રિલ-૨૦૨૪ સુધીમાં પૂર્ણ થવાનું આયોજન છે.
  - ➢ આ પાઈપલાઈનથી બનાસકાંઠા જીલ્લાના થરાદ, લાખણી, ડિસા અને દાંતીવાડા તાલુકાના ૩૯ ગામના ૧૦૬ તળાવો ભરવાનું આયોજન છે.
  - ➢ આ પાઈપલાઈનની વહનક્ષમતા ૨૦૦ ક્યુસેકની રહેશે.
  - ➢ આ યોજનાની અંદાજીત કિંમત ૫૫૧.૪૦ કરોડની છે.
  - ➢ આ યોજનાથી ૬૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો પ્રત્યક્ષ/ પરોક્ષ લાભ થશે
- **કાર્યરત પાટણ-ડીંડરોલ પાઈપલાઈન યોજના**
  - ➢ ઉક્ત પાઈપલાઈનો પૈકી પાટણ-ડીંડરોલ પાઇપલાઈન વર્ષ-૨૦૧૬ થી કાર્યરત છે. જેમા અંદાજે રૂા.૪૮૨.૦૫ કરોડ થકી પાટણ જીલ્લાના પાટણ, સિધ્ધપુર અને સરસ્વતી તાલુકાના ૧૬ ગામના ૪૫ તળાવો જોડાણ કરી ૩૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે.
  - ➢ સદર પાઇપલાઈનની લંબાઈ ૩૧.૫ કી.મી છે.
  - ➢ આ પાઈપલાઈનની વહનક્ષમતા ૧૦૦ ક્યુસેકની છે.
- **કાર્યરત ચાંગા-દાંતીવાડા પાઈપલાઈન યોજના**
  - ➢ ઉક્ત પાઇપલાઇનો પૈકી ચાંગા-દાંતીવાડા પાઇપલાઇન વર્ષ-૨૦૧૩ થી કાર્યરત છે. જેમા અંદાજે રૂા. ૪૮૨.૦૫ કરોડ થકી બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ,ડીસા અને દાંતીવાડા તાલુકાના ૨૪ ગામના ૪૫ તળાવો જોડાણ કરી ૯૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળે છે.
  - ➢ સદર પાઇપલાઈનની લંબાઇ ૭૭.૦૯૨ કી.મી છે.
  - ➢ આ પાઈપલાઈનની વહનક્ષમતા શરૂઆતમાં ૩૦૦ ક્યુસેક તથા સુજલામ સુફલામ કેનાલ ક્રોસ કર્યા બાદ ૨૦૦ ક્યુસેકની છે.

- **આયોજન હેઠળની થરાદ-ધાનેરા પાઈપલાઈન યોજના**
    - ઉક્ત આયોજન હેઠળની સદર પાઈપલાઈનની પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી ચાલુ છે જેનાથી અંદાજીત ૨૦૦ ક્યુસેકની પાઈપલાઈનની કેપેસિટીથી ૧૪૦૦.૦૦ કરોડના ખર્ચે થરાદ તથા ધાનેરા તાલુકાના ૧૦૭ ગામના તળાવ જોડાણ કરી અંદાજીત ૧૪૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે. ૨૦૨૩માં સિદ્ધાંતિક મંજૂરી મળેલ

- **આયોજન હેઠળની વડિયા-જેરડા પાઈપલાઈન યોજના**
    - ઉક્ત આયોજન હેઠળની સદર પાઈપલાઈનની પ્રાથમિક સર્વેક્ષણની કામગીરી ચાલુ છે જેનાથી અંદાજીત ૨૫૦ થી ૩૦૦ ક્યુસેકની પાઈપલાઈનની કેપેસિટીથી ૧૨૦૦.૦૦ કરોડના ખર્ચે દિયોદર, લાખણી અને ડિસા તાલુકાના ૧૨૦ ગામના તળાવ જોડાણ કરી અંદાજીત ૧૮૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

૨૦૨૩માં સિદ્ધાંતિક મંજૂરી મળેલ